# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની પેટા-ચૂંટણી–૨૦૨૬**

# જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની પેટા-ચૂંટણી-૨૦૨૬ તા.03/૧૧/૨૦૨૬ને મંગળવારના રોજ યોજાનાર છે. બોર્ડની પેટા-ચૂંટણી-૨૦૨૬ માટે તા.૨૧/૦૯/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: THE GUJARAT GOVERNMENT GAZETTE PART-II(Ext.) મુજબ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ થયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી આજે તા.૧૩/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ ૧૭:00 કલાક સુધીમાં પૂર્ણ કરીને ઉમેદવારીપત્રો સ્વીકાર થયેલ છે કે અસ્વીકાર તેની નોંધ સહિતની ખંડ-(૭) "સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ"ના નોંધાયેલા ઉમેદવારોની યાદી આ સાથે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે ઉમેદવારોના અરજી પત્રકનો અસ્વીકાર કરવામાં આવેલ છે તેવા ઉમેદવારો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ૫ હેઠળ રચાયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ ૧૦(૩) મુજબ અપીલ કરવાની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરી શકશે તેમજ જે ઉમેદવારોએ નોંધાવેલ ઉમેદવારી પાછી ખેંચવી હોય તેવા ઉમેદવારોએ ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૧૧(૧) હેઠળ ઉમેદવાર જાતે અથવા તે માટે અધિકૃત કરેલી વ્યક્તિ દ્વારા લેખિત અધિકાર પત્ર દ્વારા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવેલ નમૂના મુજબની અરજી દ્વારા તા.૧૪/૧૦/૨૦૨૬ થી તા.૧૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૧:00 કલાકથી બપોરના 0૩:00 કલાક સુધીમાં કરી શકશે. તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ ઉમેદવારોના નામની આખરી યાદીની જાહેરાત કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૩/૧૦/૨૦૨૬

(આર.આર.વ્યાસ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પેટા-ચૂંટણી-૨૦૨૬

ખંડ-(૭)

"સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ"

| ક્રમ | ઉમેદવારી પત્રનો ક્રમાંક | ઉમેદવારનું નામ | હાલની શાળાનું નામ | હાલની શાળાનું સરનામું | મતદાર યાદીમાંનો નંબર | સ્વીકાર/ અસ્વીકાર | અસ્વીકાર/રદનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 111 | ZINZUVADIYA SHAILESHKUMAR GOPALBHAI | સરકારી માધ્યમિક શાળા, વખતપર | મુ.પો.વખતપર, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર | 52 | અસ્વીકાર | ૧) નમૂનો-A તથા નમૂનો-B ઉમેદવારી પત્ર ક્રમાંક 110 દર્શાવેલ છે જ્યારે ખરેખર ઉમેદવારી પત્ર નં.111 થી દરખાસ્ત કરેલ છે. આથી ઉમેદવારીપત્રના ક્રમમાં વિસંગતતા જણાય છે.<br>૨) ઉમેદવારીપત્ર સાથે રજૂ કરેલ નમૂનો-B નિયત નમૂના મુજબ રજૂ કરેલ નથી તેમજ ઉમેદવારનો ફોટો લગાડેલ નથી તેમજ ફોટા સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલ નથી. |
| 2 | 067 | JADEJA SHAILENDRASINH ANUPSINH | સરકારી માધ્યમિક શાળા (RMSA), ઝીકડી | મુ.પો.ઝીકડી, તા.ભુજ, જિ.કચ્છ | 419 | અસ્વીકાર | ૧) ઉમેદવારીપત્ર સાથે રજૂ કરેલ નમૂના-A માં મતદાર તરીકે નોંધાયેલ ફોર્મ નંબર ખોટો દર્શાવેલ છે. જેમાં વિસંગતતા માલુમ પડે છે.<br>૨) ઉમેદવારીપત્ર સાથે રજૂ કરેલ નમૂનો-B માં નિયત નમૂના પ્રમાણે રજૂ કરેલ નથી. |

| ક્રમ | ઉમેદવારી પત્રનો ક્રમાંક | ઉમેદવારનું નામ | હાલની શાળાનું નામ | હાલની શાળાનું સરનામુ | મતદાર યાદીમાંનો નંબર | સ્વીકાર/ અસ્વીકાર | અસ્વીકાર/રદનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| 3 | 062 | VALA RANJIT BHIMABHAI | સરકારી માધ્યમિક શાળા, ભવનાથ | દત્તચોક, ગીરનાર તળેટી રોડ, જુનાગઢ. | 66 | સ્વીકાર | |
| 4 | 093 | PATEL NITINBHAI SHANKARBHAI | સરકારી માધ્યમિક શાળા, હરીપુરા | હરીપુરા(લાલપુર), પોસ્ટ-ધોળકળા, તા.સમી, જિ.પાટણ | 38 | અસ્વીકાર | ૧) ઉમેદવારીપત્રમાં 'ઉમેદવારી દરખાસ્ત કરનારની વિગત'ના ક્રમ-૧-દરખાસ્ત કરનારનો મતદાર યાદીમાંનો (મતદાર નંબર): ૧૩૩ દર્શાવેલ. જ્યારે નમૂના-A ના બીજા પાને મતદાર ક્રમાંક:૪૧ દર્શાવેલ છે. જેમાં વિસંગતતા છે.<br>૨) ઉમેદવારીપત્રમાં 'ઉમેદવારી દરખાસ્ત કરનારની વિગત'ના ક્રમ-૩-દરખાસ્ત કરનારનું પુરૂ નામ અને સરનામું (પીન કોડ સાથે): રથવી દિપકકુમાર નનુભાઈ, મુ.ઓરૂમાણા, તા.શંખેશ્વર, જિ.પાટણ, પીન-૩૮૪૨૪૦ દર્શાવેલ. જ્યારે નમૂના-A ના બીજા પાને મારી દરખાસ્ત કરનાર તરીકે ચૌધરી પરેશકુમાર કાનજીભાઈ દર્શાવેલ છે. જેમાં વિસંગતતા છે. |
| 5 | 092 | CHAUDHARI PARESHKUMAR KANJIBHAI | સરકારી માધ્યમિક શાળા, પ્રેમનગર | મુ.પો.પ્રેમનગર, તા.રાધનપુર, જિ.પાટણ | 41 | સ્વીકાર | |

ચૂંટણી અધિકારી અને સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની પેટા-ચૂંટણી-૨૦૨૬

# જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની પેટા-ચૂંટણી-૨૦૨૬ તા.૦૩/૧૧/૨૦૨૬ને મંગળવારના રોજ યોજાનાર છે. બોર્ડની પેટા-ચૂંટણી-૨૦૨૬ માટે તા.૨૧/૦૯/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: THE GUJARAT GOVERNMENT GAZETTE PART-II(Ext.) મુજબ તા.૧૩/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ થયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી ૧૭:૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરીને ઉમેદવારીપત્રો સ્વીકાર થયેલ છે કે અસ્વીકાર તેની નોંધ સહિતની ખંડ-(૭) "સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ"ના નોંધાયેલા ઉમેદવારોની યાદી આ સાથે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે ઉમેદવારોના અરજી પત્રકનો અસ્વીકાર કરવામાં આવેલ છે તેવા ઉમેદવારોએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૫ હેઠળ રચાયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૧૦ ની જોગવાઈ મુજબ અપીલ કરી શકશે.

નિયમ-૧૦(૧) "ચકાસણી આ માટે નક્કી કરેલા દિવસે પુરી કરવામાં આવશે."

નિયમ-૧૦(૨) "ચૂંટણી અધિકારી તે જ દિવસે દરેક ઉમેદવારી પત્ર ઉપર તેનો સ્વીકાર અથવા અસ્વીકાર બાબતના નિર્ણયનો શેરો કરશે અને ઉમેદવારી પત્રનો અસ્વીકાર કરવામાં આવે તો તે આવા અસ્વીકાર માટેના પોતાના કારણોનું સંક્ષિપ્ત નિવેદન કરશે અને આવા નિવેદનની એક નકલ જે ઉમેદવારના નામની દરખાસ્ત નામંજૂર કરી હોય તે ઉમેદવારને તે અર્થે અરજી મળ્યાના ૨૪ કલાકની અંદર પુરી પાડશે."

નિયમ-૧૦(૩) "જેના ઉમેદવારીપત્રનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય તે કોઈ ઉમેદવાર ચૂંટણી અધિકારીના હુકમ સામે નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને પેટાનિયમ (૨) હેઠળ તે નિવેદન મળ્યાના બે (૨) દિવસની અંદર અપીલ કરી શકશે અને અપીલની નકલ ચૂંટણી અધિકારીને મોકલી શકશે. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરને અપીલ રજૂ થયાના ત્રણ (૩) દિવસની અંદર તે અંગે પોતાનો નિર્ણય આપશે અને ચૂંટણી અધિકારીને તે નિર્ણયની તરતજ જાણ કરશે. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે."

આમ, આ સાથે અસ્વીકાર કરેલા ઉમેદવારી પત્રોની વિગત મુકવામાં આવેલ છે. જેથી જે ઉમેદવારોએ અપીલ કરવા માટે ઉમેદવારી પત્રની દરખાસ્ત નામંજૂર અંગેના કારણોની વિગત મેળવવા માટે ચૂંટણી અધિકારી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને ઈ-મેઈલ gshsebsecretary@gmail.com ઉપર અરજી મોકલી શકશે અને તેઓને ઈ-મેઈલ મારફતે જ પ્રત્યુત્તર પાઠવવામાં આવશે. તેના આધારે તેઓ નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, જિ.ગાંધીનગરને અસ્વીકારના નિર્ણયની સામે અપીલ કરી શકશે જેની નોંધ લેશો.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૩/૧૦/૨૦૨૬

(આર.આર.વ્યાસ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર